**શીર્ષક : મીઠાપાણીના ઝીંગા 'સ્કેમ્પી' નો જીલ્લામાં પ્રથમ વખત સફળ ઉછેર**

શ્રી સોહીનભાઈ મુકેશભાઈ સામાણી ટુકડા-ગોશા ૨૦ વર્ષ ઉચ્ચતર માધ્યમિક (બી.સી.એ.-બીજું વર્ષ)
૯૪૨૮૮૪૨૭૩૨, ૯૪૨૯૩૬૫૩૧૫

શ્રી સોહીનભાઈ મુકેશભાઈ સમાણી પોરબંદર ના રહીશ, આંતરદેશીય મત્સ્ય ઉછેરમાં ઊંડો રસ ધરાવે છે. તેમણે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, ખાપટ-પોરબંદર તથા ઇનલેન્ડ ફીશરીઝ રીસર્ચ સ્ટેશન, જુનાગઢના મત્સ્ય વૈજ્ઞાનિકોનો સંપર્ક કર્યો. તેમણે અત્રેથી આંતરદેશીય મત્સ્ય ઉછેર અંગે પુરતું માર્ગદર્શન અને પ્રોત્સાહન મેળવી ટુકડા-ગોસા ખાતે તેમના પિતાશ્રીની કુલ ૨ હેક્ટર જમીન માંથી એક હેક્ટર જમીનને મીઠાપાણીના ઝીંગા ઉછેર માટે વિકસાવેલ છે.

શ્રી સોહીનભાઈ 'સ્કેમ્પી' ના બચ્ચાનો તળાવમાં સંગ્રહ સને ૨૦૧૦ ના નવેમ્બર માસમાં કર્યો. તેમણે ૩૦ ગ્રામ થી ૧૦૦ ગ્રામ વજન સુધીના ઝીંગાનો વિકાસ ઉછેર દરમ્યાન મેળવ્યો. તેમણે સાત માસના ઉછેરને અંતે, એટલેકે સને ૨૦૧૧ના મેં માસમાં કુલ ૧૨૩૬ કિગ્રા. મીઠાપાણીના ઝીંગા 'સ્કેમ્પી' ની લણણી કરેલ છે. આમ કુલ ૦.૬ હેક્ટર (વિસ્તાર ૨૦૦ મી. x ૩૦ મી.) તળાવમાંથી, ૨૦૬૦ કિગ્રા. પ્રતિ હેક્ટર લેખે ઉત્પાદન હાંસલ કરેલ છે. આ તળાવમાંથી તેમને કુલ રૂ. ૩.૬૮ લાખની આવક અને રૂ. ૧.૮૭ લાખનો ચેખ્ખો નફો મળેલ છે. ખાસ કરીને પોતે આ વિષયમાં બિન-અનુભવી અને બિન-મત્સ્યખેડૂત બિરાદરીના હોવા છતાં પણ મત્સ્ય ઉછેર નું સાહસ કરી, આ ક્ષેત્રે આગળ પડતો ભાગ ભજવ્યો છે. તેમણે ઝીંગા (પ્રાઉન) 'સ્કેમ્પી' ના ઉછેર અને તેના લાભોનું સફળ ઉદાહરણ સમગ્ર પોરબંદર જીલ્લામાં પ્રથમ વખત પુરૂ પડેલ છે. આ માટે તેઓ અભિવાદનને પાત્ર છે. મત્સ્યખેડૂતોને પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે તે માટે, તેમણે મળેલ સફળતા અને ઉછેરનાં લાભોની મત્સ્યખેડૂતો સાથે રૂબરૂ ચર્ચા કે.વી.કે. ના વૈજ્ઞાનીકો દ્વારા નવીબંદર ખાતે ગોઠવવામાં આવેલ. આ ઉપરાંત, 'જોયું તે માન્યું' તેના આધારે ટુકડા-ગોસા ગામે તળાવ પર મીઠાપાણીના ઝીંગા ઉછેરની પ્રત્યક્ષ તંત્રીક તાલીમ અને નીદર્શન પણ મસ્ત્યખેડૂતો માટે ગોઠવવામાં આવેલ.

શ્રી સોહીનભાઈ ઝીંગા ઉછેરના સફળ પરિણામ અને લાભોથીખૂબ પ્રોત્સાહિત થયેલ છે. તેઓ જુના તળાવમાં જરૂરી સુધારા-વધારા કરવા અને વધુ એક હેક્ટર જમીન સ્કેમ્પી ઉછેર માટે વિકસાવવા તૈયાર છે. તેઓ મસ્ત્ય ઉછેરમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી, ભવિષ્યમાં ઉચ્ચ ઉત્પાદન મેળવવા આતુર છે.



